નવી બાબત: વર્ષ ૨૦૧૪-૧૫
અનુ.જનજાતિના તાલીમાર્થીઓને માટે કોમર્શીયલ પાયલોટની ટ્રેનીંગ અંગે લાભાર્થી દીઠ રૂ.૨૦ લાખની મહત્તમ લોનમાં વધારો કરી રૂ.૨૫ લાખ કરવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૩-ન.બા.૨૯-ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૮/૮/૨૦૧૪

**વંચાણે લીધા :-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૯/૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: અજક/૧૧૨૦૧૧/ન.બા.૯/ઘ

(૨) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો તા.૨૭/૦૧/૨૦૧૪નો પત્ર ક્રમાંક: ધિ.વા/નવી બાબત વશી.૧૬૫ થી ૧૬૬/૧૪

**ઠરાવ :-**

રાજયના અનુસૂચિત જનજાતિના તાલીમાર્થીઓને કોમર્શીયલ પાયલોટની ટ્રેનીંગ માટે લોન સહાય આપવાની યોજનાનો અમલ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન કરે છે. આમુખ: (૧)ના ઠરાવથી અનુસુચિત જનજાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ ટ્રીનીંગ માટે લોન સહાય રૂ.૧૫.૦૦ લાખથી વધારી રૂ.૨૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. આ મર્યાદામાં લાભાર્થીને આ ખર્ચ અપૂરતો જણાય છે. લોન કરતા ખર્ચ વધી જવાના કારણે લાભાર્થી આ ખર્ચને પહોંચી વળતા ન હોવાથી અરજીઓ પૂરતા પ્રમાણમાં મળતી નથી. લોન કરતાં ખર્ચનું પ્રમાણ વધુ હોઇ મહત્તમ મર્યાદા રૂ.૨૦ લાખની લોનમાં વધારો કરી રૂ.૨૫ લાખની કરવી આવશ્યક જણાય છે. તેથી નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૫(પાંચ) તાલીમાર્થી દીઠ રૂ.૫.૦૦ લાખના સૂચિત વધારા માટે રૂ.૨૫.૦૦ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેને વહિવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે, પ્રસ્તુત નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહિવટી મંજુરી આપવામાં આવેલ છે.

**શરતો :-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

Scanned by CamScanner

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને લોનની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૨. જે અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૯૬ આયોજન, મુખ્ય સદર-૨૨૨૫ અનુ.જાતિઓ, અનુ.જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનુંકલ્યાણ; ગૌણ સદર-૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૦૨ અનુ.આદિજાતિનું કલ્યાણ, ૩૨ બીસીકે-૧૨૫ અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને કોમર્શીયલ પાયલોટ ટ્રેનીંગ માટે નાણાકીય લોન સહાય હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ.૨૪/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હરેશ દવે)

સેકશન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner

- અગ્ર સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસાંમુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ: સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner

અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ લાઈસન્સની તાલીમ માટે નાણાકીય સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : અજાક/૧૦૨૦૦૮/ન.બા.૨૭/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૫-૮-૨૦૦૯

વંચાણે લીધા :-

(૧) ભૂતપૂર્વ મજૂર સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૧-૧૦-૮૭ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૭-મુમ-૧૨૪૭-જ
~~(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩૧-૩-૯૮ નો ઠરાવ ક્રમાંક : ટીએપી-[illegible]-૧૭૬-ચ~~
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪-૧૦-૯૯ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૯૮-ન.બા.-૧૬-ગ.
(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪-૩-૦૭નો ઠરાવ ક્રમાંક : અજાક-૧૩૦૬-ન.બા.-૧૦-ગ.
(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧-૧-૦૯નો ઠરાવ ક્રમાંક : અજાક-૧૩૦૬-ન.બા.-૧૦-ગ.
(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૪-૪-૦૯નો ઠરાવ ક્રમાંક : અજાક-૧૩૦૬-ન.બા.-૧૦-ગ.

ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તાલીમ માટે રૂ.૧૫.૦૦ લાખ સુધીની લોન વાર્ષિક ચાર ટકા વ્યાજના દરે આપવાની યોજના અમલમાં છે. આ લોનની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આ પ્રકારની તાલીમમાં વધારે પ્રોત્સાહન મળે તે માટે હાલમાં અપાતી રૂ.૧૫.૦૦ લાખની લોનમાં રૂ.૫.૦૦ લાખનો વધારો કરી રૂ.૨૦.૦૦ લાખ આપવા માટે કુલ ૧૪ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવા માટે કુલ રૂ.૭૦.૦૦ લાખની નવી બાબત વર્ષ ૨૦૦૯-૧૦ ના અંદાજ પત્રમાં સમાવેશ કરવામાં આવેલ હતો જેને નીચેની શરતોએ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૯-૧૦ ની સુધારેલ અંદાજપત્રીય જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધિન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ યોજના અંગેનું ખર્ચ તા.૧-૯-૨૦૦૯ થી કરવાનું રહેશે.

(૫) આ અંગે આમુખમાં દર્શાવેલ ઠરાવોથી નિયત કરવામાં આવેલ શરતો યથાવત રહેશે. લોનની તથા વ્યાજની રીકવરી નક્કી કરવામાં આવેલ પદ્ધતિ દ્વારા વસૂલ લેવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.[illegible] ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

આ અંગેનું ખર્ચ માંગણી નં.૯૫-મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-બીસીકે-૧૪-પાયલોટ માટેની વ્યવસાયિક તાલીમ માટે લોન એ સદર હેઠળ મંજૂર થયેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(આર. યુ. ખત્રી)
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

Scanned by CamScanner